# VANITA VISHRAM

**Athwagate, Surat. Gujarat, India-395001**
**Tel. – 91-261-2300212, 2300200, 2300208**

**Technical Documents (in Gujarati)**

**Index**


| Sr. No. | Descriptions | Page No. |
|---|---|---|
| 1 | Tender Notice | 2 |
| 2 | Tender Rules and Regulations | 3-7 |
| 3 | Application format (form no.1) | 8 |
| 4 | List of technical documents | 9 |
| 5 | Lay out plan of Open space/open ground | 10-12 |

# વનિતા વિશ્રામ


**અઠવાગેટ, સુરત – ૩૯૫૦૦૧, ગુજરાત, ભારત**

**Tel 91-261-2300212, 2300200, 2300208**


## ટ્રેડફેર/મેળા/એકઝીબીશનના આયોજન માટે ઇ–ટેન્ડર આમંત્રિત કરતી જાહેર નોટીસ

## ઇ–ટેન્ડર નોટીસ નં. 02/SG/VV/2021-2022

વનિતા વિશ્રામ ટ્રસ્ટ (ટ્રસ્ટ રજી. નં. ઇ–૧૧૭૬–સુરત)ની અઠવાગેટ પર આવેલી ટી. પી. સ્કીમ નં. ૦૫, ફાઇનલ પ્લોટ નં. ૬૦૧ પૈકી ખુલ્લા મેદાનની જમીન તા. ૨૦-૧૧-૨૦૨૧ થી ૧૮-૦૧-૨૦૨૨ (૬૦ દિવસ) ના સમયગાળા માટે ટ્રેડફેર/મેળા/એકઝીબીશન વિગેરેના આયોજન અંગે હંગામી ધોરણે વપરાશ માટે આપવા ઓનલાઇન પધ્ધતિથી ટેન્ડર મંગાવવામાં આવે છે. રસ ધરાવતી સંસ્થા/વ્યક્તિએ e.procurement (https://www.nprocure.com OR https://vv.nprocure.com) પર ટેન્ડર ભરી શકો છો. અને ટેન્ડર ફોર્મમાં આપેલ સુચનો મુજબ તમામ સંબંધિત દસ્તાવેજો સીલબંધ કવરમાં નીચે જણાવેલ શિડયુલ અનુસાર સમયમર્યાદામાં અથવા તે પહેલાં ઉપરોકત દર્શાવેલ સરનામે પહોંચતુ કરવાનું રહેશે.

| | | |
|---|---|---|
| ૦૧. | ટેન્ડર પ્રકાશિત થવાની તારીખ | 14-10-2021 |
| ૦૨. | ઓનલાઇન ટેન્ડર રજૂ કરવાની અંતિમ તારીખ | 25-10-2021, time 18.00 p.m. |
| ૦૨. | પ્રિ બીડ મિટીંગ | 18-10-2021, time 11.00 a.m. |
| ૦૪. | ટેકનીકલ ડોકયુમેન્ટ રજૂ કરવાની નિયત તારીખ | 26-10-2021, at 18.00 p.m. |
| ૦૫. | ટેકનિકલ ડોકયુમેન્ટ ચકાસણીની તારીખ | 27-10-2021, 11.30 a.m. |
| ૦૬. | ટેન્ડર ઓપનીંગ તારીખ અને સમય | 27-10-2021, 16.00 p.m. (tentative) |
| ૦૭. | ઇ–ઓકશનની તારીખ અને સમય | 27-10-2021, 16.30 p.m. (tentative) |
| ૦૮. | ટેન્ડર દસ્તાવેજની કિંમત | Rs. 1000/- |
| ૦૯. | બીડ સિકયુરીટી (અર્નેસ્ટ મની) | Rs. 36,00,000/ |

ઇ – ટેન્ડરની વિગતો તેમજ ટેન્ડર ફોર્મ ભરવા માટેની પ્રક્રિયા, corrigendum તથા અન્ય માહિતી https://www.nprocure .com OR https://vv.nprocure.com OR www.vanitavishramsurat.com પર મળી શકશે.

**તા. ૧૨/૧૦/૨૦૨૧** **વનિતા વિશ્રામ, સુરત.**


सा विद्या या विमुक्तये

वनिता विश्राम

## સંસ્થાનાં રીંગરોડ તરફનાં મેદાનમાં ટ્રેડફેર/મેળા/એકઝીબીશન/**ખુલ્લી જગ્યા** આયોજન માટે હંગામી લાયસન્સ માટેની ઓફરના નિયમો/શરતો

==================================================

૧. (અ) તા. ૨૦-૧૧-૨૦૨૧ થી ૧૮-૦૧-૨૦૨૨ (૬૦ દિવસ) (બંને દિવસો સહિત)ના સમયગાળા માટે ટ્રેડફેર/મેળા/એકઝીબીશનના આયોજન કરવા વપરાશ માટે એક દિવસના રૂ. ૨,૦૦,૦૦૦/- (રૂ. બે લાખ પુરા Base Value) મુજબ ૬૦ દિવસના કુલ રૂા. ૧,૨૦,૦૦,૦૦૦/- (રૂપિયા એક કરોડ વીસ લાખ પુરા, Base Value) વપરાશ ફી રાખવામા આવી છે. એકઝીબીશનનાં ૬૦ દિવસ ઉપરાંત પૂર્વતૈયારી માટે ૦૭ દિવસ અને સમાપન બાદ માલસામાન ખસેડવાના ૦૩ દિવસ અલગથી આપવામાં આવશે. જેનો મેળા/એક્ઝીબીશનની વપરાશ ફીમાં સમાવેશ થઇ ગયેલ છે.

કુલ રૂા. ૧,૨૦,૦૦,૦૦૦/- (રૂપિયા એક કરોડ વીસ લાખ પુરા) કરતાં ઓછી રકમની ઓફર આપી શકાશે નહીં. ઓફર વેબસાઈટ https://www.nprocure.com અથવા https://vv.nprocure.com પર ઈ-ટેન્ડરીંગથી તા. ૧૨-૧૦-૨૦૨૧ના રોજ અખબારોમાં આપેલ જાહેરાતમાં જણાવેલી મુદતમાં આપવાની રહેશે, અને ઈ-ટેન્ડરીંગમાં ઓફર સાથે રૂા. ૩૬,૦૦,૦૦૦/- (રૂપિયા છત્રીસ લાખ પૂરાં) E.M.D. તરીકે વનિતા વિશ્રામના HDFC બેંકના ખાતા નં. 50100203341213, IFSC : HDFC0001707માં RTGS/NEFT/DD થી ઈ-ટેન્ડરીંગ સાથે જ જમા કરાવવાના રહેશે. E.M.D. વગરની ઓફર વિચારણામાં લેવાશે નહી. ઓફર નામંજૂર થાય તો EMDની રકમ વગર વ્યાજે ઈ-ઓકશન થયાનાં દિન-૪માં પરત કરવામાં આવશે અને સૌથી વધુ ઓફર પછીના બીજા ક્રમે આવનાર ઓફરરની E.M.D.ની રકમ ઈ-ઓકશન કર્યાની તારીખથી દિન-૨૦માં પરત કરવામાં આવશે. જેની ઓફર મંજુર થશે તેની E.M.D. સીકયુરીટી ડીપોઝીટમાં રૂપાંતર થશે.

(બ) જેની ઓફર સ્વીકારવામાં આવે તે સફળ બીડર/ઓફરરે તા. ૧૧ નવેમ્બર ૨૦૨૧ સુધીમા અથવા તે પહેલા અથવા સંસ્થા નક્કી કરે તે દિવસે સંસ્થાને ઓફર કરનારે જમા કરાવવાની રહેશે. કસૂર કરનારની E.M.D. જપ્ત થશે. પૂરા નાણાંની ચૂકવણી બાદ જ મેદાન વપરાશની પરવાનગી આપવામાં આવશે.

---------------------------------
(ઓફર કરનારનું નામ અને સહી)

(ક) વાસ્તવિક પ્રદર્શન/મેળાના દિવસો સિવાય પૂર્વતૈયારી માટે (કલમ નં. ૦૧(અ) મુજબ ૦૭ દિવસથી વધારે હોય) અને સમાપન બાદ માલસામાન ખસેડવા માટે (કલમ નં. ૦૧(અ) મુજબ ૦૩ દિવસથી વધારે હોય)ના વધારાના દિવસોનાં વનિતા વિશ્રામના નિયમાનુસાર મેદાન/જગ્યાનો કબજો રાખવાના એક દિવસના રૂ. ૫૦,૦૦૦/- (રૂ. પચાસ હજાર પુરા) લેખે અલગથી વસુલ કરવામાં આવશે.

(ડ) ઈ-ઓકશનની પ્રક્રિયામાં ઓફરરોએ ઓછામાં ઓછા રૂા. ૧,૦૦,૦૦૦/- (રૂા. એક લાખ પૂરાં)ની રકમના ગુણાંકમાં ઓફરમાં વધારો કરી શકશે.

(ઇ) જે સફળ બીડર/ઓફરરની ઓફર મંજુર થશે તેની EMD સિક્યુરીટી ડીપોઝીટ (ઓફર રકમના ૩૦%) તરીકે સંસ્થામાં જમા રહેશે અને ખરેખરી ઓફરની કુલ્લે ચોખ્ખી રકમ અને લાગત ટેક્ષ વિગેરે સાથે મેદાનના ખરેખરા વપરાશ પહેલા સંસ્થા નકકી કરે તે દિવસે યા તે પહેલા સંપૂર્ણ રકમના DD/ RTGS/NEFT/ Cheque સંસ્થામાં જમા કરાવવાનાં રહેશે.

(ફ) જે સફળ બીડર/ઓફરરની ઇ-ઓકશનની કાર્યવાહી બાદ જેની ઓફર મંજુર કરવામાં આવશે તેવા ઓફરરે મંજુર વપરાશ ફી સંસ્થામા જમા કરાવવાની રહેશે. EMD સિક્યુરીટી ડીપોઝીટ સામે એડજસ્ટ કરવામાં આવશે. અને વધારાની ઓફરની તફાવતની રકમ દિન-૧૦માં સંસ્થામાં વનિતા વિશ્રામના નામે એકાઉન્ટ પેયી DD/ RTGS/ NEFT/Cheque થી જમા કરાવવાની રહેશે.

(ગ) સરકારી, અર્ધસરકારી અને સ્થાનિક સંસ્થાઓ સહીત તમામ અધિકૃત સત્તાધિકારીઓની પરવાનગી ઓફર આપનારે પોતાનાં ખર્ચે વપરાશ શરૂ કરતાં પહેલા એડવાન્સ મેળવી લેવાની રહેશે અને સંસ્થાને તેની નકલો પૂરી પાડવાની રહેશે.

(હ) ઓફર કરનાર તેવી પરવાનગી મેળવી શકે નહી તો તે માટે વનિતા વિશ્રામ સંસ્થાની કોઈ જવાબદારી રહેશે નહિ તેમજ તે વિલંબિત/વિસ્તરણ/મુલતવી રાખેલ દિવસો માટેની વપરાશ ફી રીફંડ અથવા એડજસ્ટ કરવા માટે જવાબદાર રહેશે નહી.

(ઈ) લાઈસન્સ ફી યાને વપરાશ ફી ની રકમ નેટ છે અને તેમાં કોઈપણ પ્રકારનાં ટેક્ષ, કર, વેરા, વિશેષધારા, ડયુટી સેસ, યા કોઈપણ રકમનો સમાવેશ થતો નથી. લાઈસન્સ ફી ઉપરાંત મ્યુનીસીપલ વેરા, શિક્ષણ ઉપકર તથા સર્વિસ ટેક્ષ/GST તથા તમામ પ્રકારના કર અને વેરાઓ અલગથી આપવાનાં રહેશે અને ટેક્ષ ભર્યાની રસીદ સંસ્થા સમક્ષ રજૂ કરવાની રહેશે. વપરાશ ફી ઉપરાંત સરકારી લાગત વેરાઓ/GST વિગેરે ટેક્ષો ભરવાનાં રહેશે.

૨. (અ) પ્રદર્શન/મેળાના સમયગાળો પુરો થયા બાદ વધુ મુદત લંબાવવા માટેની માંગણી વનિતા વિશ્રામ મેનેજમેન્ટની મંજુરીને આધિન રહેશે અને વધારાની

---------------------------------
(ઓફર કરનારનું નામ અને સહી)

મુદત સંસ્થા મંજૂર રાખે તો પ્રદર્શન/મેળાના દિવસોની કુલ વપરાશ ફી (મંજુર થયેલ ઓફર) રકમની પ્રતિદિનની સરેરાશ આધારે જે દર નકકી થાય તે દરે વધારાના દિવસોનો પૂરેપૂરો ચાર્જ આપવાનો રહેશે.

(બ) જે તારીખે મેદાનમાં પ્રવેશ માટે પરવાનગી આપવામાં આવશે તે દિવસે સવારે ૭.૦૦ કલાકે સંસ્થાનાં મેદાનમાં પ્રવેશ મળશે અને આખર તારીખે રાત્રે ૧૨.૦૦ વાગ્યા પહેલાં સાફ સફાઈ કરાવી વપરાશ બંધ કરવાનો રહેશે. જો કોઈ સંજોગોમાં તે સમય બાદ વધુ સમય માટે વપરાશ ચાલુ રહેશે

જો જગ્યાનો કબજો મેળા/એકઝીબીશનનાં મંજુર સમયગાળા ઉપરાંત વધુ સમય માટે ચાલુ રાખે અથવા કબજા સોંપણીમાં કસુર થશે તો વિલંબિત સમયગાળા માટે મંજુર ઓફર રકમની પ્રતિદિનની સરેરાશ આધારે જે દર નકકી થાય તે દરે પૂરેપૂરો ચાર્જ આપવાનો રહેશે એટલું જ નહીં પરંતુ તેવા વિલંબ બદલ પ્રતિદિનના રૂા. ૫૦,૦૦૦/- મુજબ વધારાની રકમ આપવાની રહેશે.

૩. જાહેર નોટીસ પ્રસિધ્ધ કરવાની કામગીરી અન્વયે થયેલ ખર્ચ જે સફળ બીડર/ઓફરરની ઓફર સ્વીકારવામાં આવશે તે ઓફરરે જાહેરાત ખર્ચ બીલની રકમ સંસ્થાને અલગથી ચૂકવવાની રહેશે.

૪. વિવિધ સત્તાધિકારીઓની આવશ્યક પરવાનગીઓ મેળવવાની જવાબદારી જેમનું ઓફર ટેન્ડર મંજૂર થાય તેઓના શીરે રહેશે.

(અ) ગુજરાત પોલ્યુશન કન્ટ્રોલ બોર્ડના નિયમ અનુસાર મેળાના આયોજન દરમિયાન જરૂરી માત્રાથી વધારે અવાજ/ઘોંઘાટ થવો જોઈએ નહી. GPCBનાં નિયમો કરતા અવાજ/ઘોંઘાટ વધારે થશે તો તેની જવાબદારી આયોજકની રહેશે.

(બ) સંસ્થાની શાળા અને કોલેજોમાં શૈક્ષણિક કાર્યને ન્યુસન્સ કે એનોયન્સ નહિ થાય તે રીતે વપરાશ કરવાનો રહેશે.

(ક) રાત્રિનાં સમયે અડોશી – પડોશીઓને ન્યુસન્સ કે એનોયન્સ ન થાય તે રીતે વપરાશ કરવાનો રહેશે તેમજ ખાસ કિસ્સા તરીકે સક્ષમ સત્તા મંડળો તરફથી મળતી સૂચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે. જો તેવી સુચનાઓનો ભંગ થવાનાં કારણે જે તે સત્તા મંડળ તરફથી આયોજન બંધ કરાવવામાં આવે તો તે માટે વનિતા વિશ્રામ જવાબદાર રહેશે નહીં.

અધુરી મુદત્તે આયોજન બંધ કરાવવામાં આવે કે કુદરતી આપત્તિના કારણે આયોજન બંધ કરવું પડે તો તે કારણે આયોજક એકસટેન્શન માંગી શકશે નહી તથા વણવપરાયેલા દિવસોના નાણાં મેળવવા ઓફરર હકકદાર રહેશે નહિ અને સંસ્થા તેવી કોઈ રકમ પરત કરશે નહી અથવા વપરાશની મુદત લંબાવવામાં આવશે નહિ.

-----------------------------------

(ઓફર કરનારનું નામ અને સહી)

૫. વપરાશ દરમ્યાન લાઈટ બીલ સફળ બીડર/ઓફરરે ભોગવવાનું રહેશે. વપરાશ દરમ્યાન મિલ્કતમાં કોઈ તોડફોડ કે નુકશાની કરવાની નથી તેમજ તોડફોડ કે નુકશાની થઈ હોય તો તે પોતાનાં ખર્ચે દુરસ્ત કરાવી આપવાની રહેશે. વપરાશ પૂરો થાય ત્યારે મિલ્કત સાફ સફાઈ કરી ચોખ્ખી કરી સુપરત કરવાની રહેશે. વપરાશ પૂર્ણ થયા બાદ ઉપર મુજબની શરતોનો અમલ થાય તે માટે સીકયોરીટી ડીપોઝીટ તરીકે સંસ્થામાં જમા કરેલ હશે. તે રકમ વપરાશ બંધ થયા બાદ તે ડીપોઝીટ વગર વ્યાજે પરત કરવામાં આવશે. વપરાશ દરમ્યાન થયેલ નુકશાનનો અંદાજ મેળવી સંસ્થા તેવી નુકશાનીની રકમ ડીપોઝીટમાંથી પ્રથમ કાપી લેવા હક્કદાર રહેશે અને નુકશાનની રકમ ડીપોઝીટ કરતા વધુ હશે તો તે રકમ વપરાશકારે આપવાની રહેશે.

૬. સંસ્થાની મિલ્કતમાં કોઈપણ ગેરકાયદેસર પ્રવૃત્તિ કે કોઈપણ પ્રકારના પ્રતિબંધિત ખાદ્ય પદાર્થો, કેફી પીણાં તેમજ મદ્યપાનનો ઉપયોગ કરવો નહિ. આ સુચનાનો ભંગ થાય અને કોઈપણ કાયદાકીય પ્રશ્નો ઉપસ્થિત થાય તો તેની સંપૂર્ણ જવાબદારી આયોજકની રહેશે. વનિતા વિશ્રામ સંસ્થાની જવાબદારી રહેશે નહી તેમજ સંસ્થા દ્વારા ડીપોઝીટ જપ્ત કરવામાં આવશે.

૭. સંસ્થાની શાંતિ અને શિસ્ત જાળવીને વપરાશ કરવાનો રહેશે. વપરાશ દરમ્યાન સંસ્થાની મેનેજમેન્ટ તથા સિકયોરીટી તરફથી જે ખાસ સુચનાઓ આપવામાં આવે તેનુ ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

૮. આયોજનના સમય દરમ્યાન કોઈપણ દુર્ઘટના બને અને કોઈપણ વ્યકિત અથવા વ્યકિત-સમુહને ઈજા થાય યા કોઈનું અવસાન થાય તો તે અંગેના કાનુની પ્રકરણો અથવા વળતર વિગેરેની સંપુર્ણ જવાબદારી આયોજકની રહેશે.

૯. આયોજનની તારીખમાં ટ્રસ્ટ ઓફર કરનારાઓની રૂબરૂ રજુઆત સાંભળી ટ્રસ્ટના હિતમાં ફેરફાર કરી શકશે.

૧૦. કોઈપણ ઓફરર ઈ-ટેન્ડરીંગ બાદ ઈ-ઓકશનનાં સમયે ભાગ ન લેશે તો પણ ઈ-ઓકશનની કાર્યવાહી કરવામાં આવશે અને તેવી કાર્યવાહી તેવા ઓફરરને અને અન્ય તમામ ઓફરરોને કબુલ મંજુર અને બંધનકર્તા રહેશે. ઓફરરે અરજી અને પ્રાઈસબીડ ફકત ઓનલાઈન જ કરવાની રહેશે. જાહેર નોટીસમાં દર્શાવ્યા મુજબ ટેન્ડરરે સામેલ લીસ્ટ (પાના નં. ૮)મુજબ ટેકનીકલ દસ્તાવેજો અને DD/RTGS/NEFT સીલબંધ કવરમાં નિયત સમયમર્યાદામાં (અખબારમાં પ્રસિધ્ધ કરેલ જાહેરનોટીસ/વેબસાઈટ પર પ્રસિધ્ધ કરેલ ટેન્ડર) સંસ્થામાં રજૂ કરેલ ન હશે અને ઓફરર પ્રાઈઝબીડની હાર્ડ કોપી રજૂ કરશે તો તેનું ટેન્ડર અમાન્ય ગણવામાં આવશે અને ટેન્ડર કાર્યવાહી/ઈ-ઓકશનમાં ભાગ લેવા માટે લાયક ગણવામાં આવશે નહિ.

૧૧. કોઈપણ ઓફરર બદઈરાદાથી સંસ્થાના સંચાલકો વિરૂધ્ધ ખોટા આક્ષેપો કરી ખોટી રજૂઆતો સાથે અરજી કરી સંસ્થાને આર્થિક નુકશાન પહોંચાડવાના પ્રયત્ન કરશે તેવા ઓફરરને સંસ્થા બ્લેક લિસ્ટ કરી શકશે.

-------------------------------------
(ઓફર કરનારનું નામ અને સહી)

૧૨. સંસ્થાને મળેલ ઓફર બાબતે નિર્ણય લેવાની આખરી સત્તા સંસ્થાની મેનેજમેન્ટને છે અને કોઈપણ જાતનાં કારણ આપ્યા વગર કોઈપણની ઓફર અથવા હરકોઈ ઓફર/તમામ ઓફર નામંજૂર કરી શકાશે.

૧૩. અનિવાર્ય સંજોગોમાં ઓફર મંજૂર કર્યા બાદ પણ મેદાન વપરાશ માટે આપવાનો ઈન્કાર કરી શકાશે.

૧૪. કોઈ પણ ઓફર સ્વીકારવી અથવા ન સ્વીકારવી આ તેમજ તેવી ઓફરો પર યોગ્ય તે નિર્ણય લેવાનો અધિકાર સંપુર્ણપણે સંસ્થાનો રહેશે અને તે અંગેનો આખરી નિર્ણય ટ્રસ્ટના હિતને ધ્યાનમાં લઈને સંસ્થા કરશે. સફળ બીડરે/ઓફરરની કોઈપણ રજૂઆત માન્ય રાખવામાં આવશે નહિ.

૧૫. ઉપરોકત તમામ કાર્યવાહી ઉપરાંત યોગ્ય સમયે યોગ્ય નિર્ણય લેવાની તમામ સત્તા અને અધિકારો સંસ્થાના અબાધિત રહેશે.

૧૬. ઉપરોકત તમામ શરતોનું પાલન કરવાની શરતે મેદાનનો કબજો/પ્રવેશ આપવામાં આવશે.

૧૭. સંસ્થાની ઉપરોક્ત શરતો સિવાયની ટેન્ડરરની કોઈપણ શરત માન્ય રહેશે નહીં.

વનિતા વિશ્રામ, સુરત.

- ઉપરોકત નિયમો મેં/અમોએ વાંચ્યા છે. જે મને/અમોને કબૂલ, મંજૂર છે અને તે મુજબ અમો અમલ કરીશું અને એ અંગે કોઈપણ જાતની તર-તકરાર કરીશું નહીં.

સુરત. તારીખ : - -૨૦૨૧ ----------------------------------

(ઓફર કરનારનું નામ અને સહી)

ફોર્મ - ૧

પ્રતિ,
વનિતા વિશ્રામ,
અઠવાગેટ,
સુરત.

વિષય : **વનિતા વિશ્રામનું મેદાન/ખુલ્લી જગ્યા હંગામી ધોરણે વપરાશ માટે તા. ૨૦-૧૧-૨૦૨૧ થી તા. ૧૮-૦૧-૨૦૨૨(૬૦ દિવસ) ની ઓફર**

અમો નીચે સહી કરનારા તમારી સંસ્થાનાં મેદાન પર ટ્રેડફેર/મેળા/એકઝીબીશનનું આયોજન કરવા માંગીએ છીએ. અમારી દરખાસ્ત નીચે મુજબ છે.

૧. ઓફર કરનારનું પુરૂં નામ : ______________________________

૨. સરનામું : ______________________________
______________________________
______________________________

૩. ટેલીફોન/મોબાઈલ નંબર : ______________________________

૪. સ્ટેટસ : વ્યકિતગત/પેઢી/કંપની/સંસ્થાપિત કે અસંસ્થાપિત મંડળ

૫. પરમેનન્ટ એકા. નંબર(PAN) :
(PAN Card ની નકલ મુકવી)

૬. વધારાની માહિતી :
(અ) આ અગાઉ સંસ્થાનું મેદાન વપરાશ માટે રાખવા માટે અરજી આપેલ છે? : હા/ના ★ જો 'હા' હોય તો વિગત આપવી.
(બ) આ અગાઉ આ પ્રકારના કોઈ આયોજનો કર્યા છે? : હા/ના
- જો આયોજનો કર્યા હોય તો તેની સ્થળ, પ્રકાર, આર્થિક રોકાણ વિગેરે સહિતની વિગતવાર માહિતી આપવી.

આથી અમો જણાવીએ છીએ કે ઉપરોકત માહિતી મારી જાણકારી/જ્ઞાન મુજબ સાચી અને ખરી છે.

------------------------------------
(ઓફર કરનારનું નામ અને સહી)

सा विद्या या विमुक्तये
वनिता विश्राम


સંસ્થાનાં મેદાનમાં ટ્રેડફેર/મેળા/એક્ઝીબીશનનાં આયોજન માટે નીચેના દસ્તાવેજોની નકલ રજી.એ.ડી./કુરીયર/રૂબરૂમાં બંધકવરમાં આપવાનાં રહેશે.

| ક્રમ | દસ્તાવેજોની નકલ | હા (✓) | ના (✗) |
|---|---|---|---|
| ૧. | જો ભાગીદારી પેઢી હોય તો..... | | |
| | (૧) ભાગીદારી પેઢીનું સર્ટીફાઈડ/એટેસ્ટેડ દસ્તાવેજ | | |
| | (૨) નોંધણી થયા બદલના દાખલાની ખરી નકલ | | |
| ૨. | જો કંપની હોય તો.... | | |
| | (૧) આર્ટીકલ્સ તથા મેમોરેન્ડમ ઓફ એસોસીએશનની નકલ | | |
| ૩. | અન્ય સંસ્થાપિત(રજીસ્ટર્ડ) મંડળ હોય તો નોંધણીના દાખલાની નકલ બીડવી. | | |
| ૪. | અન્ય અસંસ્થાપિત(અનરજીસ્ટર્ડ) મંડળ/વ્યકિત હોય તો વિગતે માહિતી આપવી. | | |
| ૫. | Copy of Pan Card (IT) | | |
| ૬. | Copy of Aadhar Card | | |
| ૭. | Copy of GST Registration Certificate | | |
| ૮. | Bank Passbook ની છેલ્લા ત્રણ મહિનાની નકલ | | |
| ૯. | IT Return ની લેટેસ્ટ નકલ | | |
| ૧૦. | ઓફર રજૂ કરનારે અગાઉ કરેલા કામોની યાદી | | |
| ૧૧. | ટેન્ડરના નિયમો શરતોના દરેક પાના નં. ૩ - ૭ (હસ્તાક્ષર કરેલ) | | |
| ૧૨. | ફોર્મ - ૧ (આ સાથે સામેલ કરેલ ટેન્ડર ડોકયુમેન્ટ સાથે આ ફોર્મ અરજદારે ભરીને સહી કરી પોતાના લેટરપેડ પર આપવું. પાના નં. ૮) | | |
| ૧૩. | DD/RTGS/NEFT of E.M.D. - Rs.36,00,000/- * | | |
| ૧૪. | DD/RTGS/NEFT/CASH of Tender document cost Rs. 1000/- * | | |

* ઉપરોકત બંને DD/RTGS/NEFT અલગ-અલગ આપવાનાં રહેશે. RTGS/NEFT કરેલ હોય તો રસીદની નકલ આપવાની રહેશે.

वनिता विश्राम

LAYOUT PLAN OF VANITA VISHRAM F.P NO-601,T.P.S.-5 (ATHWA-UMRA)-SURAT




सा विद्या या विमुक्तये
वनिता विश्राम

# Vanita Vishram

**Since more than 110 years**

Donation
Free
Admission

तमसो मा ज्योतिर्गमय

सा विद्या या विमुक्तये

वनिता विश्राम

Estd. 1907




Improving the lives of more than
12000 GIRLS through EDUCATION

*Empowerment of Women not by reform but by Service*


Athwagate, Surat, Gujarat, India-395001.
Tel. +91-261-2300 200, 2300 201, 266 9044, 266 0544, +91-762 300 9044
vanitavishram1907@yahoo.com
www.vanitavishram-surat.ac.in




Exhibition / Sports Ground - Approx. 38000 sq. mt.